
# આસપાસ ચોપાસ



## ગામના વિકાસમાં સરપંચનો ઉમદા ફાળો



પુના ગામના સરપંચ મહેન્દ્રભાઈ ચૌધરી હાલ સરપંચ તરીકે સેવા આપી રહ્યા છે. ગત ટર્મમાં તેમની પત્ની ઉષાબેન મહેન્દ્રભાઈ ચૌધરી સરપંચ તરીકે ફરજ પર હતાં. સરપંચ મહેન્દ્રભાઈ ચૌધરીના સશક્ત નેતૃત્વ હેઠળ ગામમાં રોડ-રસ્તા, સીસી રોડ, આરોગ્ય સુવિધાઓ, આંગણવાડી તેમજ પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેના કારણે ગામના સર્વાંગી વિકાસમાં સરપંચનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

## નવું પંચાયત ભવન નિર્માણાધીન

પુના ગામમાં હાલમાં નવી પંચાયત ભવનનું આધુનિક ધોરણે નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, જે ગામના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ભવનના નિર્માણ માટે થનારા કુલ ખર્ચ અંગે માહિતી સંબંધિત વિભાગ દ્વારા આપવામાં આવશે. આ ગામમાં સુરત ડિસ્ટ્રિક્ટ બેંક દ્વારા એટીએમની સુવિધા ઉપલબ્ધ હોવાથી ગ્રામજનોએ નાણાંની લેવડદેવડ માટે અન્ય સ્થળે જવાની જરૂર રહેતી નથી. આ સુવિધા માટે ગામના સરપંચ તથા પંચાયત દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવ્યા છે.




આયુષ્માન આરોગ્ય મંદિર થકી ગ્રામજનોને આરોગ્યની સેવાનો લાભ મળે છે.

## ગામમાં શિક્ષણ અને આરોગ્ય સેવાઓ સુદ્રઢ બની છે: સુરેખાબેન બી.પરમાર, તલાટી-કમ-મંત્રી



પુના ગામનાં તલાટી-કમ-મંત્રી સુરેખાબેન બી. પરમારે ગામના સર્વાંગી વિકાસની રૂપરેખા રજૂ કરતાં જણાવ્યું હતું કે ગ્રામ પંચાયત દ્વારા પીવાના શુદ્ધ પાણી, ડામર રોડ અને મૂળભૂત સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. સરકારી યોજનાઓનો લાભ ગામના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગામમાં શિક્ષણ અને આરોગ્ય સેવાઓ સુદ્રઢ બની છે તેમજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામને સ્વચ્છ અને નિર્મળ રાખવા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.



શિવ મંદિર



મહાકાળી મંદિર



હવાડો



## પુના નજીક આવેલા અમલસાડીમાં તેજસ આંખની હોસ્પિટલ આશીર્વાદરૂપ

માંડવીના પુના નજીક આવેલા અમલસાડી સીમ વિસ્તારમાં રૂ.40 કરોડથી વધુના ખર્ચે ભવ્ય આંખની હોસ્પિટલ તથા ઓપ્ટોમેટ્રી કોલેજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત તેજસ આંખની હોસ્પિટલનો વિકાસ તેમજ દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજની સ્થાપના કરવામાં આવી છે. આ કોલેજના નિર્માણ કાર્યનું ભૂમિપૂજન પૂર્વ વનમંત્રી ગણપતભાઈ વસાવાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ભવ્ય પ્રોજેક્ટ માટે દાલીયા (હિરાચંદ) પરિવારે 4 એકર જમીન દાનમાં આપી છે. દિવ્ય જ્યોતિ ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઈ શાહના નેતૃત્વમાં હોસ્પિટલનું કાર્ય ખૂબ જ સુંદર રીતે ચાલી રહ્યું છે. આ કાર્યમાં ટ્રસ્ટના મંત્રી નલીનભાઈ શાહ તથા ડો.ઉદય ગજીવાળાનો મહત્ત્વનો સહયોગ મળી રહ્યો છે. આ તેજસ આંખની હોસ્પિટલ ડો.ઉદય ગજીવાળાની નેજા હેઠળ કાર્યરત છે. હોસ્પિટલ અને કોલેજના ભૂમિપૂજન બાદ વિવિધ દાતાઓ તરફથી કરોડો રૂપિયાનું દાન એકત્ર કરવામાં આવ્યું છે, જેના કારણે આ ભવ્ય પ્રોજેક્ટને વેગ મળ્યો છે.

સુરત જિલ્લાના આદિવાસી વિસ્તાર એવા માંડવી તાલુકામાં વર્ષ ૨૦૧૧માં 'સમાજના દરેક વર્ગ સુધી ગુણવત્તાયુક્ત આંખની સારવાર પહોંચે' તેવા ઉમદા ઉદ્દેશ સાથે દિવ્યજ્યોતિ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાતના ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોમાં આંખની સમસ્યાઓ સમયસર ન ઓળખાય તો જીવનની ગુણવત્તા પર ગંભીર અસર પડે છે, તે બાબતને ધ્યાને રાખી ટ્રસ્ટે સમુદાય આધારિત સેવાઓને પ્રાથમિકતા આપી છે. છેલ્લાં ૧૪ વર્ષમાં ટ્રસ્ટની કાર્યપદ્ધતિ તપાસથી લઈને સારવાર અને પુનર્વસન સુધીની એક સંપૂર્ણ સેવા-શ્રેણી તરીકે વિકસી છે. વર્ષ ૨૦૧૧થી ૨૦૧૪ દરમિયાન ટ્રસ્ટે માંડવીની આસપાસના ૧૫૦ કિમી વિસ્તારના ગામડાં અને શાળાઓમાં નિયમિત તપાસ શિબિરો શરૂ કરી, જેમાં શરૂઆતથી જ વાહનવ્યવહાર અને ભોજનની સુવિધા આપવામાં આવતી હતી. અત્યાર સુધીમાં તેજસ આંખની હોસ્પિટલે કુલ ૧,૫૫,૨૩૯ સફળ ઓપરેશનો કર્યાં છે. આ આંકડામાં ૯૯,૦૭૨ મોતિયાનાં ઓપરેશન, ૧૭,૮૧૯ રેટિના (પડદા) નાં ઓપરેશન, ૧,૮૬૩ કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ અને ૩,૧૫૭ ત્રાંસી આંખ તથા બાળકોની આંખના ઓપરેશનોનો સમાવેશ થાય છે.

ટ્રસ્ટ દ્વારા સંચાલિત તેજસ આંખની હોસ્પિટલ અમલસાડી ખાતેના નવા કેમ્પસમાં ૨૦૦ બેડની ઈનડોર સુવિધા અને ૧૦ આધુનિક ઓપરેશન થિયેટરો સાથે કાર્યરત છે. અહીં ફેકોએમલ્સિફિકેશન દ્વારા મોતિયાનું ઓપરેશન, રેટિના લેસર, ગ્લુકોમાની તપાસ અને LASIK દ્વારા ચશ્મા મુક્ત દૃષ્ટિ જેવી અદ્યતન સેવાઓ ઉપલબ્ધ છે. ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને આ તમામ સુવિધાઓ સંપૂર્ણ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે. હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સગાઓ માટે "કસ્તુરી ભોજનાલય" દ્વારા નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સેવા ઉપરાંત, ટ્રસ્ટે ૨૦૧૧થી અત્યાર સુધીમાં ૧,૧૪૮ સરકારી સ્ટાફ, ૧૯૪ નેત્રવિશેષજ્ઞ અને ૨૫૫ એ.ઓ.પી. વિદ્યાર્થીઓને તાલીમ આપીને આંખના આરોગ્ય ક્ષેત્રે કુશળ માનવ સંસાધન તૈયાર કરવામાં મોટું યોગદાન આપ્યું છે.

વૈજ્ઞાનિક ક્ષેત્રે પણ દિવ્યજ્યોતિ ટ્રસ્ટ અગ્રેસર રહ્યું છે, જેણે અત્યાર સુધીમાં ૧૭ સંશોધન અભ્યાસો અને ૧૩ ક્લિનિકલ ટ્રાયલ્સ સહિત કુલ ૩૦ સંશોધન કાર્યો પૂર્ણ કર્યાં છે. આ કાર્યોના પરિણામ સ્વરૂપે ૨૪ વૈજ્ઞાનિક પ્રકાશનો વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં પ્રસિદ્ધ થયા છે. સામાજિક જવાબદારીના ભાગરૂપે ટ્રસ્ટે સમુદાય આધારિત પુનર્વસન (CBR) કાર્યક્રમ દ્વારા ૬૫૦થી વધુ અસાધ્ય દૃષ્ટિહીન વ્યક્તિઓને તાલીમ આપી છે અને ૫૦થી વધુ અંધ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સુવિધા ઊભી કરી છે. ડો.ઉદય ગજીવાળાના માર્ગદર્શન હેઠળના આ ભગીરથ કાર્યને બિરદાવતા ૨૦૧૧માં 'વિઝન-૨૦૨૦ એવોર્ડ'થી લઈને ૨૦૨૫માં 'માનવ જ્યોત પુરસ્કાર' અને 'મિશન ફોર વિઝન એવોર્ડ' જેવા અનેક પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થયાં છે.

## પુના દૂધમંડળી




પુના દૂધમંડળીના પ્રમુખ તરીકે ચેતનભાઈ વી.ચૌધરી છેલ્લાં 25 વર્ષથી સેવા આપી રહ્યાં છે, જ્યારે મંત્રી તરીકે મહેન્દ્રભાઈ આર. ચૌધરી છેલ્લાં 15 વર્ષથી ફરજ બજાવી રહ્યા છે. દૂધમંડળીમાં કુલ 280થી વધુ સભાસદો જોડાયેલા છે અને માસિક અંદાજે રૂ.80 લાખથી વધુની આવક થાય છે. આ ઉપરાંત, દૂધમંડળી ખાતે છેલ્લા 6 વર્ષથી ATMની સુવિધા ઉપલબ્ધ છે, જેના કારણે દૂધમંડળીના સભાસદો તેમજ અન્ય બેન્ક ખાતાધારકોને નાણાંની લેવડદેવડમાં સરળતા પ્રાપ્ત થાય છે. દૂધમંડળી દ્વારા દૂધ વધારાના ભેંસના રૂ.10 અને ગાયના રૂ.9 ચૂકવ્યા છે. જે 1 કરોડથી વધુની મતબર રકમ સભાસદોને આપીએ છીએ. એક વર્ષમાં મંડળીની એમટી પણ 1 કરોડથી વધુ આવે છે.

## ૧૭ વખતના ધક્કા બાદ સંદીપભાઈએ રેલવેમાં મેળવી સફળતા



મનુષ્યના જીવનમાં સંઘર્ષ એ અંત નથી, પરંતુ સફળતા તરફ જવાનું પ્રથમ પગથિયું છે, આ વાતને સાર્થક કરી બતાવી છે માંડવી તાલુકાના પુના ગામના વતની સંદીપભાઈ ગેમલભાઈ પટેલે. એક અત્યંત સામાન્ય અને ગરીબ પરિવારમાં જન્મેલા સંદીપભાઈની જીવનયાત્રા આજે અનેક યુવાનો માટે મિસાલ બની છે. માંડવીની આ ધરતીના પુત્રએ સાબિત કરી દીધું છે કે જો મનમાં મક્કમતા અને હૈયામાં હિંમત હોય તો ગમે તેવી વિપરીત પરિસ્થિતિને પણ હરાવી શકાય છે. સંદીપભાઈએ ધો.૧થી ૯ સુધી અભ્યાસ પુના ગામની શાળામાં ત્યારબાદ તેમણે માંડવી હાઈસ્કૂલમાં ધો.૧૧ અને ૧૨નો અભ્યાસ પૂર્ણ કર્યો. પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં તેમણે હિંમત હાર્યા વગર સુરતની આઈ.ટી.આઈ. (ITI) માંથી ટર્નરનો કોર્સ પૂર્ણ કર્યો અને માધી શુગર ફેક્ટરીમાં એપ્રેન્ટિસ તરીકે તાલીમ મેળવી. જો કે, આર્થિક સંકડામણને કારણે તેમણે આગળનો અભ્યાસ અધૂરો મૂકવો પડ્યો હતો, પરંતુ નોકરી મેળવવાની તેમની જિજ્ઞાસા ક્યારેય ઓછી થઈ નહોતી. તેમના જીવનનો સૌથી મોટો વળાંક વર્ષ-૧૯૯૭માં આવ્યો. જ્યારે તેમણે રેલવે ભરતી બોર્ડ (RRB) દ્વારા બહાર પાડવામાં આવેલી 'આસિસ્ટન્ટ ડ્રાઈવર'ની ભરતીમાં અરજી કરી. લેખિત પરીક્ષા અને મનોવૈજ્ઞાનિક કસોટીમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યા હોવા છતાં, મુંબઈમાં મેડિકલ પરીક્ષણ દરમિયાન તેમને આંખની દૃષ્ટિને કારણે અયોગ્ય જાહેર કરવામાં આવ્યા. આ તેમના જીવનની સૌથી કપરી અને નિરાશાજનક ક્ષણ હતી. પરંતુ નસીબ જોગ એક મિત્રના માધ્યમથી તેમને ખબર પડી કે મેડિકલમાં અસફળ રહેલા ઉમેદવારો માટે અન્ય જગ્યાએ નોકરીની શક્યતા રહેલી હોય છે. આ એક નાનકડી આશાના કિરણને પકડીને સંદીપભાઈએ મુંબઈની જીએમ (GM) ઓફિસ અને ડીઆરએમ ઓફિસના ૧૭ વખત ધક્કા ખાધા. અંતે તેમની છ વર્ષની લાંબી રાહ અને મક્કમતાનો વિજય થયો. વર્ષ-૨૦૦૩માં તેમને નિમણૂક પત્ર મળ્યો અને સુરતના C|W વિભાગમાં તેમણે નોકરીની શરૂઆત કરી. આજે તેઓ પોતાની મહેનત અને પ્રમાણિકતાના જોરે રેલવે વિભાગમાં MCF (માસ્ટર ક્રાફ્ટ્સમેન ફિટર) જેવા પ્રતિષ્ઠિત પદ પર ફરજ બજાવી રહ્યા છે. તેમની આ સફર શીખવે છે કે નસીબ કદાચ સાથ ન આપે, પણ સતત પ્રયત્ન અને આત્મવિશ્વાસ ક્યારેય એળે જતો નથી.

## ગ્રામ પંચાયતનાં હોદ્દેદારો

સરપંચ-મહેન્દ્રભાઈ ચૌધરી
ડેપ્યુટી સરપંચ-વૈશાલીબેન વી.વસાવા
સભ્યઃ મુકેશ વી.ચૌધરી
જિગર પરમાર
ટીનાબેન એ. ચૌધરી
અંકિત એ. ગામીત
જિગર ડી. ચૌધરી
પદ્માબેન એમ. ચૌધરી
નિર્મલાબેન આર. ચૌધરી
તલાટીઃ સુરેખાબેન બી.પરમાર





રીગણની ખેતી

ભીડભંજન હનુમાન મંદિર



ગામનો રસ્તો



સસ્તા અનાજની દુકાન



પશુધન



માહિતી સંકલન અને તસવીરઃ હિતેશ પટેલ, માંડવી)